"સાયબર ક્રાઇમના ગુન્હામાં રીઢા આરોપીને ગણતરીના દિવસોમાં પકડી પાડતી ઉમરા પોલીસ"

સુરત શહેરમાં ઉમરા પોલીસ સ્ટેશનમાં ઉમરા પો.સ્ટે. એ પાર્ટ નં.૧૧૨૧૦૦૪૮૨૧૧૨૮૪/૨૦૨૧ તા.૨૭/૦૮/૨૦૨૧ ઇ.પી.કો. કલમ ૪૦૬, ૪૨૦, ૧૧૪ તથા ધ ઇન્ફરમેશન ટેકનોલોજી એક્ટ, ૨૦૦૦ ની કલમ ૬૬(ડી) મુજબનો આઇ.ટી. એક્ટનો ગુન્હો દાખલ થયેલ જે ગુન્હાના આરોપીએ સત્વરે પકડી પાડવા સારૂ સુચના અને માર્ગદર્શન આપેલ જે અનુસાર સર્વેલન્સના અ.હે.કો. સિધ્ધરાજસિંહ ભિખુભા તથા અ.પો.કો. અલ્કેશભાઇ ચેલાભાઇનાઓ પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન તેઓને મળેલ સંયુકત બાતમીના આધારે દેવલ ઉર્ફે ડેવીડ જીતેન્દ્રભાઇ સિંદે રહે.પ્લોટ નં.૧૫, સરસ્વતી સોસાયટી હનુમાન મંદિરની પાસે ડીંડોલી ચાર રસ્તા ડીંડોલી, સુરત શહેરનાને પકડી પાડી ઉપરોક્ત આઇ.ટી. એક્ટના ગુન્હાના કામે અટક કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

આરોપીનો ગુનાહિત ઈતિહાસ :-

1. ડીંડોલી પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૪૦/૨૦૧૫ ઇ.પી.કો. કલમ ૧૭૦, ૨૪૨, ૧૧૪ મુજબ (ગેર અટકાયત).
2. ડીંડોલી પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૪૨/૨૦૧૫ ઇ.પી.કો. કલમ ૪૫૭, ૩૮૦ મુજબ (ઘરફોડ ચોરી)
3. ડીંડોલી પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૯૪૪/૨૦૨૧૯ ઇ.પી.કો. કલમ ૧૩૫(૧) મુજબ (હથીયાર જા.ના. ભંગ)
4. ડીંડોલી પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૩૮૪/૨૦૨૦ ઇ.પી.કો. કલમ ૩૭૯,૧૧૪ મુજબ (વાહન ચોરી)
5. ડીંડોલી પો.સ્ટે. એ પાર્ટ નં.૧૧૨૧૦૦૫૬૨૦૦૩૮૪ ઇ.પી.કો. કલમ ૩૭૯, ૧૧૪ મુજબ
6. ઉમરા પો.સ્ટે. એ પાર્ટ નં.૧૧૨૧૦૦૪૮૨૧૦૦૩૩૫/૨૦૨૧ ઇ.પી.કો. કલમ ૪૦૬,૪૨૦ તથા ધ ઇન્ફરમેશન ટેકનોલોજી એક્ટ,૨૦૦૦ ની કલમ ૬૬(ડી) મુજબ.

ગુન્હાની એમ.ઓ. આરોપી PPTM એપ પરથી ગુગલ-પે, ફોન-પે, તેમજ પેટીએમમાં ઓનલાઇન પેમેન્ટ આપવાની વાતચીત કરી દુકાનદારને વિશ્વાસમાં લઇ પોતાના મોબાઇલ ફોનમાં પેમેન્ટ થયેલ છે તેવુ સ્ક્રીન પર બતાવી દુકાનદાર પેમેન્ટ મળી ગયેલ છે તેવા બનાવટી મેસેજ મોકલી શોપમાંથી ચીજવસ્તુઓ લઇ ગુન્હો કરે છે.